**(1) એક્સીલરેટ (Accelerate) વિજ્ઞાન યોજના વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?**

(1) આ યોજના વિજ્ઞાન અને ટેક્નોલોજી બોર્ડ દ્વારા લોંચ કરવામાં આવી છે.

(2) ભારતમાં વૈજ્ઞાનિક સંશોધનને મજબૂત બનાવવા માટેની આ યોજના છે.

(3) આ યોજનામાં બે પેટા કાર્યક્રમ છે.

(4) આ બે પેટા કાર્યક્રમો 'અભ્યાસ' અને 'સંમોહન' છે.

(A) માત્ર (1), (2) અને (3)　　(B) માત્ર (2), (3) અને (4)

(C) માત્ર (1) અને (4)　　(D) આપેલ તમામ

⇛ **જવાબ :- B**

**સમજૂતી :**

⇛ સાયન્સ એન્ડ એન્જિનિયરીંગ રિસર્ચ બોર્ડ (SERB) દ્વારા એક્સીલરેટ વિજ્ઞાન યોજના લોંચ કરવામાં આવી છે. (આથી, વિધાન (1) ખોટું છે.)

⇛ આ યોજના ભારતમાં વૈજ્ઞાનિક સંશોધનને મજબૂત બનાવવા માટેની છે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ આ યોજનાના મુખ્ય 3 લક્ષ્યો છે :

(i) દરેક વૈજ્ઞાનિક કાર્યક્રમનું એકીકરણ

(ii) ઉચ્ચ–કક્ષાની વર્કશોપ શરૂ કરવી

(iii) સંશોધન માટેની ઈન્ટર્નશીપ માટે તકો ઊભી કરવી

⇛ આ યોજનાના બે પેટા કાર્યક્રમ છે. આ બે કાર્યક્રમો 'અભ્યાસ' અને 'સંમોહન' છે. (આથી, વિધાન (3) અને (4) સાચાં છે.)

⇛ અભ્યાસના બે ઘટકો છે : કાર્યશાલા અને વૃતિકા

⇛ સંમોહનના પણ બે ઘટકો છે : સંયોજિકા અને સંગોષ્ઠી

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

**(2) સેન્ટ્રલ ઝુ (ZOO) ઓથોરિટી વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?**

(1) તે ગેરબંધારણીય અને બિન–વૈધાનિક સંસ્થા છે.

(2) તે પર્યાવરણ મંત્રાલય હેઠળ આવે છે.

(3) તેની અધ્યક્ષતા નેશનલ બોર્ડ ફોર વાઈલ્ડલાઈફ (NBL)ના સેક્રેટરી દ્વારા કરવામાં આવે છે.

(4) તે પ્રાણીસંગ્રહાલય (ZOO)ને નિયમન કરવાનું કાર્ય કરે છે.

(A) માત્ર (1)  (B) માત્ર (2) અને (4)

(C) માત્ર (1), (3) અને (4)  (D) આપેલ તમામ

⇛ **જવાબ :- B**

**સમજૂતી :**

⇛ સેન્ટ્રલ ઝુ ઓથોરિટી એક વૈધાનિક સંસ્થા છે. (આથી, વિધાન **(1)** ખોટું છે.)

⇛ આ સંસ્થા પર્યાવરણ મંત્રાલય હેઠળ કાર્ય કરે છે. (આથી, વિધાન **(2)** સાચું છે.)

⇛ આ સંસ્થાની સ્થાપના **1992**માં વન્યજીવ સંરક્ષણ અધિનિયમ, **1972** હેઠળ કરવામાં આવી છે.

⇛ આ સંસ્થાના અધ્યક્ષ તરીકે પર્યાવરણ મંત્રી હોય છે તથા **10** અન્ય સભ્યો અને એક સભ્ય–સેક્રેટરી હોય છે. (આથી, વિધાન **(3)** ખોટું છે.)

⇛ આ સંસ્થાનો મુખ્ય હેતુ સમૃદ્ધ જૈવવિવિધતાના સંરક્ષણ માટે દેશ દ્વારા કરવામાં આવી રહેલાં પ્રયત્નોને મજબૂત બનાવવાનો છે.

⇛ આ સંસ્થા પ્રાણીસંગ્રહાલયને ઓળખાણ પ્રદાન કરે છે તથા દેશના પ્રાણીસંગ્રહાલયોના નિયમનનું કાર્ય પણ કરે છે. (આથી, વિધાન **(4)** સાચું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (3) NBFC વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) તેનું પૂરુંનામ નોન–બેંકીંગ ફાયનાન્સીયલ કંપની છે.

(2) તેની સ્થાપના એક નાણાકીય કંપની તરીકે નાણાકીય વિનિયમ અધિનિયમ, 1950 હેઠળ કરવામાં આવે છે.

(3) તે પોતાની સંસ્થા દ્વારા જાહેર કરેલાં ચેક ઈસ્યુ કરી શકે છે.

(4) તે લોન આપવાનું કાર્ય કરી શકે છે.

(A) માત્ર (1), (2) અને (3) (B) માત્ર (2), (3) અને (4)

(C) માત્ર (1) અને (4) (D) આપેલ તમામ

⇛ **જવાબ :- C**

**સમજૂતી :**

⇛ NBFCનું પૂરુંનામ નોન–બેંકીંગ ફાયનાન્સીયલ કંપની છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ તેની નોંધણી કંપની અધિનિયમ, 1956 હેઠળ કરવામાં આવે છે. (આથી, વિધાન (2) ખોટું છે.)

⇛ તે આ કાર્યો કરી શકે છે : લોનનો વેપાર, શેર/સ્ટોક/બોન્ડ વગેરેનું ધારણ, વિમા, ચીટ ફંડ વગેરે. (આથી, વિધાન (4) સાચું છે.)

⇛ તે આ કાર્યો કરી શકતી નથી : કૃષિ કે ઉદ્યોગ પ્રવૃત્તિ સાથે સંકળાયેલ સંસ્થાઓ સાથે, શેર/સ્ટોક વગેરે સિવાયની ચીજ–વસ્તુની લેવડ–દેવડ કરતી સંસ્થાઓ સાથે તથા સ્થિર મિલકતની લેવડ/દેવડ/બાંધકામ કરતી સંસ્થા સાથે કાર્ય કરી શકતી નથી.

⇛ ઉપરાંત તે ડીમાંડ ડિપોઝિટ સ્વીકારી શતી નથી. કે પોતાના દ્વારા ચેક ઈસ્યુ કરી શકતી નથી. (આથી, વિધાન (3) ખોટું છે.)

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (4) NAFTA 2.0 વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) તે NAFTA કરતાં અલગ તથા સંપૂર્ણ નવી વેપાર સંધિ છે.

(2) ઉત્તર અમેરિકાના 5 દેશો તેમાં સભ્ય છે.

(3) આ સંધિ 1 જુલાઈ, 2020થી લાગુ પડી છે.

(4) અહીં NAFTAનું પૂરુંનામ નોર્થ અમેરિકા ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ છે.

(A) માત્ર (1) અને (2)

(B) માત્ર (3) અને (4)

(C) માત્ર (1) અને (4)

(D) આપેલ તમામ

⇛ **જવાબ :- B**

**સમજૂતી :**

⇛ NAFTA 2.0 એ સંપૂર્ણ નવી સંધિ નથી. તે જૂની NAFTA સંધિનું પુનઃવિચારણા કરીને રજૂ કરાયેલું નવું સ્વરૂપ છે. (આથી, વિધાન (1) ખોટું છે.)

⇛ આ સંધિ 1 જુલાઈ, 2020થી અમલમાં આવી છે. આ દ્વારા તેણે 26 વર્ષ જૂની NAFTAનું સ્થાન લીધું છે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ આ સંધિમાં ત્રણ સભ્યો છે : કેનેડા, યુ.એસ.એ. અને મેક્ષિકો. (આથી, વિધાન (2) ખોટું છે.)

⇛ NAFTA 2.0ને ત્રણેય દેશો દ્વારા લાગુ કરવામાં આવી છે.

⇛ NAFTAનું પૂરુંનામ નોર્થ અમેરિકા ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ છે. (આથી, વિધાન (4) સાચું છે.)

⇛ આ સંધિનું નામ ત્રણેય દેશમાં અલગ–અલગ છે. યુ. એસ.માં તેને USMCA, કેનેડામાં તેને CUMCA તથા મેક્ષિકોમાં તેને T-MEC કહે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (5) 'CogX' વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) તે આર્ટિફિશિયલ ઈન્ટેલીજન્સ ક્ષેત્રનો એક મોટો કાર્યક્રમ છે.

(2) તેનું આયોજન દર વર્ષે પેરિસમાં થાય છે.

(3) CogX દ્વારા દર વર્ષે આર્ટિફિશિયલ ઈન્ટેલીજન્સમાં ઊભરતી સર્વોચ્ચ ટેક્નોલોજીને એવોર્ડ આપવામાં આવે છે.

(4) ભારતને આ વર્ષે MyGov Corona Helpdesk માટે એવોર્ડ મળેલ છે.

(A) માત્ર (1), (2) અને (3) (B) માત્ર (2), (3) અને (4)

(C) માત્ર (1), (3) અને (4) (D) આપેલ તમામ

⇛ જવાબ :- C

**સમજૂતી :**

⇛ CogX સમારોહમાં ભારતના MyGov Corona Helpdeskને બે એવોર્ડ મળેલાં છે. (આથી, વિધાન (4) સાચું છે.)

⇛ આ એવોર્ડ નીચેની 2 કેટેગરીમાં મળેલાં છે :

(1) બેસ્ટ ઈનોવેશન ફોર COVID-19 સોસાયટી

(2) પીપલ્સ ચોઈસ COVID-19 ઓવરઓલ વિનર

⇛ CogXનું આયોજન દર વર્ષે લંડનમાં થાય છે. (આથી, વિધાન (2) ખોટું છે.)

⇛ આર્ટિફિશિયલ ઈન્ટેલીજન્સ ક્ષેત્રનો તે ખૂબ મોટો કાર્યક્રમ છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ આર્ટિફિશિયલ ઈન્ટેલીજન્સ ક્ષેત્રમાં ઊભરતી સર્વોચ્ચ ટેક્નોલોજીને CogX દ્વારા એવોર્ડ આપવામાં આવે છે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ આ સમારોહનું આયોજન પ્રથમ વખત 2017માં થયું હતું.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા**

Social Media Icon **પર** Click **કરો.**

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

Facebook
like | comment | share
ICE RAJKOT

twitter
ICE RAJKOT